# વૃદ્ધસંહિતા

ઘરમાં ને ઘરમાં પૂરાઈ રહેવાનું સુખ
સાથે ને સાથે રહેવાનું સુખ
થોડુંક થોડુંક સાંભળવાનું સુખ
થોડુંક થોડુંક ઝાંખુપાખું જોવાનું સુખ
થોડુંક થોડુંક ચાલવાનું સુખ
થોડુંક થોડુંક લંગડાવાનું સુખ
થોડુંક થોડુંક ધ્રૂજવાનું સુખ
થોડુંક થોડુંક દાંત વગર જમવાનું સુખ
થોડુંક થોડુંક અલપઝલપ ઊંઘવાનું સુખ
થોડુંક થોડુંક યાદ આવવાનું સુખ
થોડુંક થોડુંક ભૂલી જવાનું સુખ
થોડુંક થોડુંક વાંચવાનું સુખ
થોડુંક થોડુંક વિચારવાનું સુખ
થોડુંક થોડુંક લખવાનું સુખ
થોડુંક થોડુંક મરવાનું સુખ
થોડુંક થોડુંક જીવવાનું સુખ
ઝાઝું હવે ન રળિયામણું
બધું જ થોડું થોડું
થોડામાં ઝાઝેરો આનંદ.

# પડછાયો

હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?
મારાથી નિતનો હેવાયો
મારાથી ક્યો રહેવાયો
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?

મારામાં તું રહે સમાયો
મારામાં તું રહે સવાયો
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ!

અજવાળે તું ફૂલ્યો ફૂલતો
અંધારે તો ક્યાંક ભરાતો
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?

કહે જનક છે શું તું મારો?
કે પછી જનક છું હું તારો?
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?

મારી સંગ સદા હોવાનું.
સહી શકીશ તું મને ખોવાનું
હું જઈશ તો પડછાયા તું શું કરીશ?

કૈંક કરીસ? તો પડછાયા, હું સુખે જઈશ!

# પડછાયો

હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?
મારાથી નિતનો હેવાયો
મારાથી એવો ટેવાયો
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?

મારામાં તું રહે સમાયો
મારામાં તું રહે સવાયો
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?

અજવાળે તું ફૂલ્યો ફૂલાતો
અંધારે તો સોડ ભરાતો
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?

કહે જનક છે શું તું મારો?
કે પછી જનક છું હું તારો?
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?

મારી સંગ સદા હોવાનું
સહી શકશે તું મને ખોવાનું
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ?

કૈંક કહીશ? તો પડછાયા, હું સુખે જઈશ!

# પહેલી યાત્રા

ફરી ક્યારેય અહીં પાછા નથી આવવાનું,
એ વાત ચોક્કસ છે.
હા, હજી એ ચોક્કસ નથી કે ક્યાં જવાનું છે!
સાથે કાંઈ લઈ જવાનું પણ નથી.
બિલકુલ ના છે!
ત્યારે બીજું કરી પણ શું શકાય?
પડશે એવા દેવાશે, આગે આગે ગોરખ જાગે
કદાચ તેથી જ હું સાવ હળવો ફૂલ છું.
ભાર વગરની આ યાત્રાનો આનંદ જ કંઈ ઓર છે.

કોઈ તિથિ નહીં
કોઈ તારીખ નહીં
કોઈ ચોઘડિયું નહીં
બસ, નીકળી પડવાનું
ન કોઈ યોજના
ન કોઈ નકશો
ન ચિઠ્ઠીચપાટી
ન વાટખર્ચી
કોઈ આંગળીના ઇશારે કહેશે કે ચાલો
એટલે ગંગાનો એક ઘૂંટ લઈ
મોંમા તુલસીનું પાન દબાવી
ફૂલોના ગજરા ને સફેદ વસ્ત્રો ફરકાવતાં
બસ ચાલી નિકળવાનું.

વાહ રે વાહ
આવી બોજ વગરની તો
આ કદાચ મારી પહેલી યાત્રા હશે!

# ખબરદાર!

ભલા માણસ
તને મારી પરાગરજથી શરદી ખાંસી અસ્થમા થાય છે!
એટલે એવું માનીને
તેં મારું સદા નિકંદન કાઢવાનો નિર્ણય કર્યો છે.

જલદી જલદી ઊંચે ઊંચે વધી વધીને
વહેલો વહેલો છાંયો
તારા રસ્તા પર પાથરું એ મારો ગુનો?
તારા રસ્તાની શોભા વધારી
ખડેપગે લીલાછમ રહી
તને પ્રસન્નતા આપ્યા કરું એ મારો ગુનો?

અને હવે તારા નાના સરખા વહેમે
હું નઠારું બની ગયું?
હું તારું સ્વાસ્થ્ય બગાડું છું?
હું તારું ભૂગર્ભજળ શોષું છું?
તારી ગટરલાઇનને નુક્સાન પહોંચાડું છું?
તારી કમ્પાઉન્ડ વૉલને તોડી પાડું છું?
ભલા માણસ, ક્યાં મને ઉછેરવું અને ક્યાં ન ઉછેરવું
એની તો તને ગતાગમ નથી
તું મને ગમે ત્યાં વાવે અને વાપરે
એમાંય મારો વાંક?
વસંતઋતુમાં પરાગરજ ઉડાડવામાં
કયાં વૃક્ષો બાકાત રહે છે?
પરાગરજ તો અમારો પ્રાણ છે
તું મારી પરાગરજને વગોવે છે?

તેં ઊભાં કરેલાં ભૂંગળાં
તેં ઉડાડેલા ચારેબાજુના જાતજાતના ધુમાડા
અને એની દુર્ગંધોનું શું?
એને તું ક્યારે બંધ કરીશ?
અને તું મારું ઉચ્છેદન કરવા નીકળ્યો છે!

તેં જ તો કરોડોનું નિકંદન કાઢ્યું છે
હિંસા તારી રગેરગમાં ભરી છે
અને એ જ હિંસાએ
હવે તું અમને દીઠા ત્યાંથી
રહેંસી નાખવા તૈયાર થયો છે?

તને તો મારી પરાગરજમાત્રથી
શરદી ખાંસી અસ્થમા થાય છે
પણ તારે કારણે તો કરોડોનાં મોત થાય છે
ભલા માણસ, અમારા ઝેરની નહીં
પણ તું તારા ઝેરની ફિકર કર.

વનવિભાગે તને શું ચેતવ્યો
હું કોનોકાર્પસ આજે
તને ચેતવું છું :
ખબરદાર!

# ગતિસ્થિતિ

બહુ બહુ બહુ પાંખો ફરકાવી ફરકાવી ફરકાવીને
રંગો રંગો રંગો ઉડાડી ઉડાડી ઉડાડીને
ઘાસિયાં મેદાનો પર મંડરાઈ મંડરાઈ મંડરાઈને
ફૂલ ફૂલ ફૂલ પર બેસણાં કરી કરી કરીને
સુગંધોને પી પી પીને
આકંઠ ધરાઈ ધરાઈ ધરાઈને
કર્યો છે તરબોળ તરતો તરતો તરતો મારો સમય!

બહુ થયું

હું હવે ઊફરો માર્ગ લેવા ધારું છું
હું ફરી કોશેટોની ઇચ્છા રાખું છુ

ફરી કોશેટોમાં ભરાઈ
ફરી ઇયળ બની
અંતે
ફરી ઇંડું થઈ ફૂટી જવા ચાહું છું
હું ગતિ નહીં, હવે સ્થિતિની શોધમાં છું.

# ધોધ

હું પ્રતિપળ ધાર ઉપરથી ધસતો ધોધ સમો!
વહી આવતી, વહી પડતી
ને વહી જતી આ સજળ સપાટી નીચે શોધ સમો!

જળ જળ કદીક, કદીક જળહીણો
દિવસે ઝળહળ રાતે તીણો
ખળ ખળ ખળખળ ખડક ભરી
ખડકાઈ જતો અંધાર ક્રોધ સમો!

હું આઘો, હું અહીં ને આઘો
ચૂર્ણ ચૂર્ણ વિચૂર્ણનો વાઘો
વમળ વમળમાં ચકળવકળનો
ધધખ ધધખતો ચીખું યોધ સમો!

ઝૂરું ઝઝૂમું ઝૂઝું. ઝિલાઉં
છૂટું તૂટું ને ખૂટું વિલાઉં
હજી ન નીચે પડ્યો તરત કે ઝૂકું —
ઉપરથી વિલય વિશે હું ખુદ અવરોધ સમો!

# ધોધકથા

(નોહકાવિકાઈ ધોધ, ચેરાપુંજી, મેઘાલય)

આંગળિયાત લાવેલી દીકરીને
પોતાની ગેરહાજરીમાં
નવા પતિએ એને કાપીને રાંધી નાખી
અને એની જાણ બહાર
એને ખવડાવી દીધી.
જમ્યા પછી પાન ખાવા પાનપેટી ખોલી
જુએ તો એમાં
કપાયેલી લોહિયાળ હાથપગની આંગળીઓ!

પછી તો
પોતાની પેટજણી દીકરી ફરી પેટમાં ગઈ છે
જાણીને આકુળવ્યાકુળ મા
વેદનાની તીવ્ર ગતિથી દોડતી ઊછળતી
ભેખડે ધસી ગઈ!
ને એકદમ
નીચે
ઝંપલાવ્યું
હવે એ
નીચે ઝંપલાવ્યા જ કરે છે!
માની વેદનાનો ક્યારેય કોઈ અંત નથી.

# ઊનાકોટિ

અમે ખડક હતા, અડગ હતા
વૃક્ષવેલીઓ અને આછી ઘાસપત્તીઓના શણગારે
શોભિત હતા
ઝરણાંઓના આસવ થી મસ્ત હતા
બદલાતા આકાશના રંગોમાં વ્યસ્ત હતા
પ્રાણી પંખીઓના સાંનિધ્યે સમૃદ્ધ હતા

અમે ખડક હતા, અડગ હતા
અમે ખડક હતા, અમે ખડક ન રહ્યા, અમે અડગ ન રહ્યા.

અમને જોયા જોતર્યા
ટીપ્યા, ટીચ્યા, રચ્યા, કોર્યા, ઘડ્યા, કંડાર્યા, કોતર્યા
અમે શિલ્પની આસપાસની કથાઓના વાહક બન્યા.

કરોડમાં એક ઓછા, દેવોના ચહેરા ઊપસ્યા.
પણ
અમારા ચહેરા સમૂળગા ગયા.

અંતે દેવોનો મહિમા રહ્યો
અમારો ગયો.

(કરોડમાં એક ઓછા એવા ખડક સ્થાપત્યોથી મોજૂદ
'ઊનાકોટિ' શિવતીર્થને અનુલક્ષીને. આ સ્થાપત્યો
ત્રિપુરામાં આવેલા છે)

# ઊનાકોટિ

અમે ખડક હતા, અડગ હતા
વૃક્ષવેલીઓ અને આછી ઘાસપત્તીઓના શણગારે
શોભિત હતા
ઝરણાંઓના આસવ પી મસ્ત હતા
બદલાતા આકાશના રંગોમાં વ્યસ્ત હતા
પ્રાણીપંખીઓના સાંનિધ્યે સમૃદ્ધ હતા

અમે ખડક હતા, અડગ હતા
અમે ખડક હતા, અમે ખડક ન રહ્યા, અમે અડગ ન રહ્યા.

અમને ખોદ્યા ખોતર્યા
ટીપ્યા, ટોચ્યા, ટપાર્યા, કોર્યા, કાપ્યા, કંડાર્યા, કોતર્યા
અમે શિવની આસપાસની કથાઓના વાહક બન્યા.

કરોડમાં એક ઓછા, દેવોના ચહેરા ઊપસ્યા
પણ
અમારા ચહેરા સમૂળગા ગયા.

અંતે દેવોનો મહિમા થયો
અમારો ગયો.

(કરોડોમાં એક ઓછા એવા ખડક સ્થાપત્યોથી મોજુદ 'ઊનાકોટિ'
શિવતીર્થને અનુલક્ષીને. આ સ્થાપત્યો ત્રિપુરામાં આવેલા છે.)

# ચિત્રદુર્ગ

ચિત્રદુર્ગ હજી સ્થિર અને સ્તબ્ધ ઊભો છે.
કિલ્લેદાર પતિને ભોજન આપી
પાણી લેવા બહાર નીકળેલી પત્નીએ
કોઈ આછો સળવળાટ સાંભળ્યો
એની નજર કિલ્લામાં પડેલા નાનાં છીંડાં તરફ ગઈ.
થયું : કિલ્લો સુરક્ષિત નથી. કિલ્લેદારની પત્ની ચેતી ગઈ.
ફરી ખખડાટ થયો. કોઈક અંદર ઘૂસવા પ્રયત્ન કરે છે.
એક ડોકું બહારથી અંદર આવ્યું.
પોતે પતિને ચેતવે એ પહેલાં તો
નિરંતર ડાંગર છડનારીએ પાસે પડેલું
સાંબેલું તરત હાથમાં લીધું
ઊંચક્યું, જોરથી ઉગામ્યું
અને છીંડામાંથી અંદર આવતું માથું છૂંદાયું
એક માથું આવ્યું છૂંદાયું,
બીજું માથું આવ્યું છૂંદાયું
ત્રીજું માથું આવ્યું છૂંદાયું
ડાંગર છડનારા હાથો દ્વારા
સાંબેલાથી માથાં છૂંદાતાં ગયાં.
છેવટે
હૈદરના સૈનિકોએ છડનારા હાથોથી માથાઓ છૂંદનારીના
ચંડીરૂપનો બલિ ધર્યો.
ચિત્રદુર્ગ કંપ્યો. સ્થિર થયો.
ચિત્રદુર્ગ હજી સ્થિર અને સ્તબ્ધ ઊભો છે.

(કર્ણાટકમાં અત્યંત પ્રસિદ્ધ ઓબવ્વાની શૌર્યકથા. ચિત્રદુર્ગ કિલ્લાને ઘેરો ઘાલી પડેલા હૈદરના સૈન્યમાંથી કેટલાકે કિલ્લાનાં છીંડાં વાટે પ્રવેશવાનો પ્રયત્ન કર્યો ત્યારે ઓબલ્લાએ સાંબેલે સાંબેલે માથાં વધેરી નાખ્યાં હતાં)

# રસોઈઘર (સપ્તક)

## ૧ : સાણસી

પકડનું તારું લક્ષ્ય છે
તને પકડીએ તો બધું પકડમાં આવે
તારાં બે પાંખિયાંના સહકાર વિના
કશું પકડમાં આવવાનું નથી.
દાઝવાથી તું દૂર રાખે
ગફલત થાય તો માર્યા ઠાર
જો તું છટકી તો આવી બન્યું
મને ખબર છે તારી સ્થિરતા
મારી સ્થિરતા પર આધારિત છે
કોઈ તને પકડે તો એની પકડ માત્રથી
ખબર પડે કે કોઈ કેટલું પાવરધું છે.
રસોઈની પકડ, તારી પકડથી પરખાય છે.

## ૨ : વેલણ

તું કોઈને હાથે ફેંકાય નહીં
ત્યાં સુધી તું અહિંસક છે.
તું આકર્ષક છે.
નાજુક હાથ તને કુશળતાથી ધારણ કરે છે
નાજુક હાથ તને કુશળતાથી રમાડે છે.
આંદોલિત લયે તું બરાબર ઘાટ ઉતારે છે.
તારો સમતોલ દબાવ ધીમે ધીમે
સંવાદી વર્તુળ રચે છે.
હું પૃથ્વીનું સંગીત સાંભળું છું.

## 3 : તવેથો

સ્થિરતા તારું લક્ષ્ય નથી.
તું ફર્યા કરે છે.
ઉપરતળે તળેઉપર.
આમ ન થાય તો બધું નકામું.
અણઘડ હાથમાં તું બરાબર ન ફરે
ઘડાયેલો હાથ ફરે
બસ પછી તો જે જોઈએ તે બધું સહીસલામત
અણસરખું બને એમાં તારો વાંક ક્યાંથી?
કહીશું કે તને સરખો વાપરતા ન આવડ્યો.
યોગ્ય સમયે ઉથલાવી દેવાની કલાથી તો તારું રાજ ચાલે છે.

## ૪ : છીણી

છીણે છીણે નવતા ધારણ કરતું
એકમાંથી અસંખ્ય રચતું
તારું એ રમણીય રૂપ મારે માટે નવાઈનું કારણ છે.
પણ દરવખતે તું સાવધ રાખે છે
જરાક ધ્યાનચૂક ને ભળતું જ છિણાઈ જાય.
ઘાયલ પણ કરે
તારી ધાર વિનાશક રીતે પણ લોહિયાળ બની શકે
તું હંમેશાં માગે છે સ્થિર હાથની ગતિ!

**૫ : વલોણી**

મન વલોવાય ત્યારે તું નજર સામે આવે
તું ચક્કર પર ચક્કર ફરે
તું ડાબે જમણે ઘૂમે
તારું એક માત્ર લક્ષ્ય–
કોઈ ગાંઠાંગઠ્ઠા ન રહે
કોઈ ફોદાં ન રહે
બધું સમરસ, અરે સાવ એકરસ થઈ જાય
પણ મારો વલોપાત, મારો ડહોળ
મારા ગાંગડા, મારા ગચિયાં તો જેમનાં તેમ

## ૬ : વઘારિયું

બધું થઈ જાય પછી પણ બધું થઈ ગયું હોતું નથી
એટલે તો હંમેશાં
કંઈક વધુ જોઈએ છે. આ જે વધુ તે તું.
તારું નામ તો પાડ્યું છે વઘારિયું, ભૂલમાં.
તારું નામ તો 'વધારિયું' હોવું ઘટે.
તું અવાજ ને ગંધ ચારેકોર ઉડાડી, ગજાવી
તું તડતડ સ્વાદના દલદલ ઉઘાડે છે.
ત્રીજા ઘરેથી આવતી છીંક
તારી વધામણી ન ખાય તો છટ્ છે તને!

## ૭ : ઝારો

અહીં સર્વમાં તું સંયમી છે.
તારા છિદ્રે છિદ્રે તારી ચોકી છે.
કોઈ પણ અતિશયથી તો તારા નાકનું ટેરવું ચઢી જાય!
તું તો નિતારી નિતારીને બધું અંકે રાખે છે.

હંમેશાં
તું બુન્દે બુન્દનો હિસાબ રાખે છે.
ઉડાઉપણું તારા સ્વભાવમાં નથી.
ઊકળતા તેલમાં કે પાણીમાં પ્રવેશતાં તને રોકે કોણ?
તું હેમખેમ રહે છે અને રાખે છે.

# છટ્ ખટરસ

## અભંગ

ખાટાં આમળાં ને ખાટી-ખટ્ આમલી
તોબા તોબા નામ લેશો નહીં
વારે વારે આવે ખાટા ઓડકાર
ઊઠ્યો કો ઓથાર મન ખાટું!
ખાટાથી હંમેશાં રહ્યો ખટરાગ
એ વિના ન કશું ખાટું મોળું!
ખાટી ખાટી વાસ કેમ આવ્યા કરે?
સડો આસપાસ ક્યાંય છે ના!

ખાટાં આમળાં ને ખાટી-ખટ્ આમલી
તોબા તોબા નામ લેશો નહીં!

વારે વારે આવે ખાટા ઓડકાર
ઊઠ્યો કો ઓથાર મન ખાટું!

ખાટાથી હંમેશા રહ્યો ખટરાગ
એ વિના ના કશું ખાટું મોળું!

ખાટી ખાટી વાસ કેમ આવ્યા કરે?
સડો આસપાસ ક્યાંય છે ના!